પ્ર. ક્ર. ૦૭/૨૦૨૧-૨૨, સમાજ કલ્યાણ નિરીક્ષક.

આ પ્રશ્નપત્રમાં કુલ 24 છાપેલા પાના છે.

# SKN-21-22

કુલ ગુણ : 150

સમય : 1 કલાક 30 મિનિટ

ઉમેદવારનો બેઠક ક્રમાંક : ______

પ્રશ્નપુસ્તિકા કોડ : **A**

SKN-21-22

A 9704177

SEAL SEAL SEAL SEAL

ઉમેદવારની સહી : ______ ખંડ નિરીક્ષકની સહી : ______

**તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં.**

**ઉમેદવારોને સૂચના :**

(1) આ કસોટીપત્રમાં કુલ 150 પ્રશ્નો છે. 1 થી 150 પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ ? તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય, પાના નંબર તથા પ્રશ્ન ક્રમાંક સીરીયલમાં ન હોય તો તરત જ પ્રશ્નપુસ્તિકા નિરીક્ષક પાસેથી અચૂક બદલાવી લેવી. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. પ્રશ્નની સાથે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે અને ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેના માટે વિકલ્પ E આપેલ છે. પ્રશ્નની સાથે જ પાંચેય વિકલ્પ આપવામાં આવેલા છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. આ સાથે અલગ આપેલ ઉત્તરપત્ર (OMR SHEET)માં જ ઉત્તર આપવાના છે.

ઉદાહરણ તરીકે :

ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે ?

(A) સરદાર પટેલ (B) મહાત્મા ગાંધી

(C) સુભાષચંદ્ર બોઝ (D) વિનોબા ભાવે

(E) Not Attempted

જવાબવહી (Answer Sheet)માં

A ○ B ● C ○ D ○ E ○

ઉપર્યુક્ત ઉદાહરણમાં જવાબ "B" છે. આથી "B"નું વર્તુળ કાળું (encode) કરેલ છે.

ઉમેદવારોએ જવાબમાં "મહાત્મા ગાંધી" લખવું નહીં.

(2) **પ્રત્યેક સાચા જવાબદીઠ 1(એક) ગુણ મળવાપાત્ર થશે.** મંડળ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઈનસ પદ્ધતિ દાખલ કરવામાં આવી છે, જે મુજબ -

(i) પ્રત્યેક ખોટા જવાબ દીઠ (-0.33) (માઈનસ ઝીરો પોઈન્ટ તેત્રીસ) ગુણ કાપવામાં આવશે.

(ii) પ્રત્યેક ખાલી છોડેલ જવાબદીઠ (-0.33) (માઈનસ ઝીરો પોઈન્ટ તેત્રીસ) ગુણ કાપવામાં આવશે.

(iii) એક કરતાં વધુ વિકલ્પો દર્શાવેલ હોય કે છેકછાક કરેલ હોય તેવા પ્રત્યેક જવાબદીઠ (-0.33) (માઈનસ ઝીરો પોઈન્ટ તેત્રીસ) ગુણ કાપવામાં આવશે.

(iv) **દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ "E" ("Not Attempted") રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કિંગ લાગુ પડશે નહીં.**

આમ ઉમેદવારે સાચા જવાબ દ્વારા મેળવેલ કુલ ગુણમાંથી ઉપર દર્શાવેલ (i), (ii), (iii) મુજબ માઈનસ થતા કુલ ગુણ બાદ કરવાથી મળતા ગુણ, ઉમેદવારને પ્રાપ્ત થતા ગુણ માન્ય ઠરશે.

(3) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન ઉમેદવાર પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે.

(4) પ્રશ્નપત્ર ઉમેદવારને મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET)માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે.

(5) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિરીક્ષકની સહી કરાવી લેવી આવશ્યક છે. નિરીક્ષકની સહી વગરનું ઉત્તરપત્ર (OMR SHEET) તપાસવામાં આવશે નહીં.

(6) ઉત્તરપત્ર OMR SHEETના પ્રમાણપત્રમાં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંનેની સહી વિનાના OMR SHEET (ઉત્તરપત્રો) વાળા ઉમેદવારો ગેરલાયક ઠરશે. ઉમેદવારે પોતાની સહી સુવાચ્ય કરવાની રહેશે તથા **ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) પર નિયત જગ્યાએ પોતાના ડાબા હાથના અંગૂઠાનું નિશાન કરવાનું રહેશે તેમજ OMR SHEET ઉપર આપેલ સૂચનાઓ વંચાણે લઈ તેનો ફરજિયાત અમલ કરવાનો રહેશે.**

(7) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની વિગતો લખવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(8) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, કેમેરા, કેલ્ક્યુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(9) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(10) ઉમેદવારે વાદળી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી (White Ink), બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

**મેળવેલ ગુણનું ગાણિતીય સૂત્ર નીચે પ્રમાણે રહેશે :**

(સાચા જવાબની સંખ્યા x 1) – {(ખોટા જવાબની સંખ્યા x 0.33) + (ખાલી છોડેલ પ્રશ્નની સંખ્યા x 0.33) + (છેકછાક કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબની સંખ્યા x 0.33)} = ઉમેદવારને પ્રાપ્ત થતા ગુણ

**પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**

PariksaPath . pariksapath.in

## SPACE FOR ROUGH WORK / રફ કામ માટેની જગ્યા



PariksaPath . pariksapath.in

1. _______ Avantika Express will _______ at 9 pm.

(A) An, departs
(B) The, departed
(C) The, depart
(D) An, deport
(E) Not Attempted

2. નીતિ આયોગ એ ...

(A) સંવૈધાનિક સંસ્થા છે.
(B) બિન-સંવૈધાનિક સંસ્થા છે.
(C) કાનૂની સંસ્થા છે.
(D) અર્ધન્યાયિક સંસ્થા છે.
(E) Not Attempted

3. મધ્ય યુગમાં "ઉત્તર રામચરિત" નામનુ નાટક કોણે લખેલ છે ?

(A) ભવભૂતિ
(B) પંડિત નારાયણ
(C) હેમચંદ્રાચાર્ય
(D) કવિ માઘ
(E) Not Attempted

4. 4, 5 અને 6 નો સૌથી નાનો સામાન્ય અવયવી ......... છે.

(A) 30
(B) 60
(C) 24
(D) 120
(E) Not Attempted

5. Look, how _______ Mahesh and Naresh _______!

(A) fine, is dancing
(B) beautiful, danced
(C) beautifully, are dancing
(D) boldly, dances
(E) Not Attempted

6. હંમેશાં સત્ય બોલવું. – વાક્યમાં ક્રિયાપદનો પ્રકાર કયો છે ?

(A) આજ્ઞાર્થ ક્રિયાપદ
(B) વિધ્યર્થ ક્રિયાપદ
(C) સંભાવનાર્થ ક્રિયાપદ
(D) અહીં દર્શાવેલ ત્રણપૈકી એક પણ નહીં
(E) Not Attempted

7. "The Planned Economy of India" પુસ્તક કોના દ્વારા લખવામાં આવ્યુ છે ?

(A) દાદાભાઈ નવરોજજી
(B) રાજા ચેલૈયા
(C) ડૉ. બી.આર. આંબેડકર
(D) એમ. વિશ્વેસરૈયા
(E) Not Attempted

8. 'હાસ્ય એટલે પ્રભુ સાથે મૈત્રી' – પુસ્તકના સર્જક કોણ છે ?

(A) બકુલ ત્રિપાઠી
(B) જ્યોતીન્દ્ર દવે
(C) રતીલાલ બોરીસાગર
(D) વિનોદ ભટ્ટ
(E) Not Attempted

9. જીલ્લા પંચાયતની નીચેના પૈકી કઈ સમિતિમાં પંચાયતના સભ્ય ન હોય તેવી વ્યક્તિની નિમણૂક કરી શકાય ?

(A) કારોબારી સમિતિ
(B) બાંધકામ સમિતિ
(C) સામાજીક ન્યાય સમિતિ
(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એકપણ નહીં
(E) Not Attempted


PariksaPath . pariksapath.in

10. 'તે ઝાડેથી નીચે પડ્યો.' વાક્યમાંનો રેખાંકિત અનુગ કઈ વિભક્તિ સંબંધ દર્શાવે છે ?

(A) સંપ્રદાન (B) કરણ

(C) અધિકરણ (D) અપાદાન

(E) Not Attempted

11. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : 'ચતુર, સુંદર અને ગુણવાન સ્ત્રી'

(A) હસ્તિની (B) શંખિની

(C) રૂપણ (D) ચિત્રિણી

(E) Not Attempted

12. ક્રિકેટના વિશ્વ કપ સ્પર્ધામાં પ્રથમ વખત હેટ્રીક (Hattrick) મેળવનાર સૌપ્રથમ ખેલાડી કોણ છે ?

(A) ચામીંડા વાસ (B) સકલૈન મૂસ્તાક

(C) ચેતન શર્મા (D) બ્રેટ લી

(E) Not Attempted

13. નીચેના વાક્યો ચકાસો.

1. તાલુકા પંચાયતના ચૂંટાયેલ સભ્યો ગ્રામ પંચાયતના ચૂંટાયેલ સભ્યોમાંથી ચૂંટવામાં આવે છે.

2. બે લાખ કરતા વધુ ન હોય તેટલી વસ્તી વાળા તાલુકાની તાલુકા પંચાયત 13 સભ્યોની બનશે.

3. તાલુકા પંચાયતના ચૂંટાયેલ સભ્યો પોતાનામાંથી પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી કરે છે.

(A) 1, 2 અને 3 તમામ સાચા છે. (B) માત્ર 1 અને 3 સાચા છે.

(C) માત્ર 2 અને 3 સાચા છે. (D) માત્ર 3 સાચું છે.

(E) Not Attempted

14. Turn the sentence into indirect speech. The answer is _______.

She said to him, "Are you coming with me tomorrow?"

(A) She asked him if he was going with her the day before.

(B) She ordered him to come with her tomorrow.

(C) She advised him to come with her yesterday.

(D) She exclaimed if he was coming yesterday

(E) Not Attempted

15. 'ગોઠી જવું' રૂઢિપ્રયોગનો અર્થ જણાવો.

(A) દુ:ખ કે લાગણીથી રડું રડું થઈ જવું (B) ફાવટ આવવી

(C) ધૂંધવાઈ જવું (D) આનંદથી ગાંડાઘેલા થઈ જવું

(E) Not Attempted

16. નીચે આપેલ તહેવાર અને તીથિના જોડકાં પૈકી કયું જોડકું સાચું છે ?

(A) જન્માષ્ટમી – શ્રાવણ સુદ આઠમ (B) બુદ્ધ પૂર્ણિમા – વૈશાખ સુદ પુનમ

(C) ગુરૂ પુર્ણિમા – આસો સુદ પુનમ (D) રામ નવમી – અષાઢ સુદ નોમ

(E) Not Attempted



PariksaPath . pariksapath.in

17. કાટકોણ $\Delta ABC$ માં, $\angle C = 90^\circ$ હોય, તો $\sin A$ નું મૂલ્ય જણાવો.

(A) $\frac{BC}{AB}$

(B) $\frac{BC}{AC}$

(C) $\frac{AC}{AB}$

(D) $\frac{AC}{BC}$

(E) Not Attempted

18. "વિકાસના કાર્યોમા સ્થાનિક લોકોનું જોડાવવુ" તેને કેવો વિકાસ કહી શકાય ?

(A) આર્થિક વિકાસ (Economic Development)

(B) સામાજીક વિકાસ (Social Development)

(C) સહભાગી વિકાસ (Participatory Development)

(D) ટકાઉ વિકાસ (Sustainable Development)

(E) Not Attempted

19. કયા દિવસને હવેથી દર વર્ષે "રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ" (National Startup Day) તરીકે મનાવવામાં આવશે ?

(A) 16 જાન્યુઆરી

(B) 12 જાન્યુઆરી

(C) 14 જાન્યુઆરી

(D) 26 જાન્યુઆરી

(E) Not Attempted

20. If you _______ the rising sun, the direction at your left hand is _______.

(A) faces, west

(B) are facing, the north

(C) will face, west

(D) faced, east

(E) Not Attempted

21. વિદ્યુતપ્રવાહની ચુંબકીય અસર સૌપ્રથમ કોણે શોધી હતી ?

(A) ફેરેડે

(B) ઓર્સ્ટેડ

(C) વોલ્ટા

(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહી

(E) Not Attempted

22. If you _______ Pune, don't forget _______ the Sinhgadh.

(A) will visit, go

(B) are visiting, to visit

(C) going, visiting

(D) went, visited

(E) Not Attempted

23. 1938માં હરિપુરામાં યોજાયેલાં કોંગ્રેસના અધિવેશનના પ્રમુખ કોણ હતા ?

(A) ગાંધીજી

(B) સરદાર પટેલ

(C) સુભાષચંદ્ર બોઝ

(D) ઉચ્છંગરાય ઢેબર

(E) Not Attempted

24. ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સની સ્થાપનાની પહેલ કરનાર દેશનું નામ જણાવો.

(A) બ્રીટન

(B) ભારત

(C) બ્રાઝીલ

(D) ઈજીપ્ત

(E) Not Attempted



PariksaPath . pariksapath.in

25. એક હરોળમા દિશા ડાબા છેડેથી 9મા ક્રમે છે અને ટીના જમણે છેડેથી 12મા ક્રમે છે. દિશા અને તાન્યા વચ્ચે 5 લોકો છે જે તાન્યા અને ટીના વચ્ચેના લોકો જેટલા છે. તો આ હરોળમાં કુલ કેટલા લોકો છે ?

(A) 38 (B) 46
(C) 29 (D) 32
(E) Not Attempted

26. ક્રિકેટના T20 વર્લ્ડકપમાં સૌથી ઝડપી 50 રન બનાવવાનો રેકોર્ડ કયો ખેલાડી ધરાવે છે ?

(A) ક્રિસ ગેઈલ (B) યુવરાજસિંઘ
(C) કે.એ.પોલાર્ડ (D) એ.ડી.રસેલ
(E) Not Attempted

27. She expressed her _______ through her facial _______.

(A) unwillingness, gestures (B) willing, express
(C) angry, lovely (D) love, beautiful
(E) Not Attempted

28. ગુજરાત રાજ્ય સહકારી કાઉન્સીલમાં ગુજરાત વિધાનસભાના સભ્યોમાંથી કેટલાં સભ્યો ચૂંટવાના રહે છે ?

(A) 3 (B) 5
(C) 7 (D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં
(E) Not Attempted

29. ભારત સરકાર દ્વારા કોરોના ના નિયંત્રણ માટે મંજુર કરાયેલ પ્રથમ DNA વેકસીન .......... છે.

(A) CO-VACCIN (B) ZyCoV-D
(C) COVISHIELD (D) SPUTNIC
(E) Not Attempted

30. A meaning of the word 'clutch' is _______.

(A) hold tightly (B) desire
(C) provide (D) fight
(E) Not Attempted

31. 15માં નાણાપંચની ભલામણનો સમય ગાળો કયો છે ?

(A) 2019-20 થી 2023-24 (B) 2020-21 થી 2024-25
(C) 2021-22 થી 2025-26 (D) 2022-23 થી 2026-27
(E) Not Attempted

32. _______ VC of our University conferred _______ honorary degree on him.

(A) A, a (B) The, an
(C) A, the (D) The, a
(E) Not Attempted

33. The police _______ in the _______ areas.

(A) is, effect (B) are petroling, effected
(C) are patrolling, affected (D) is petroling, effective
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

34. વિમાની મથકો (Airport) અને સંબંધીત સ્થળની જોડીઓ પૈકી કઈ જોડી સાચી નથી ?

(A) વિશાખાપટ્ટનમ ઈન્ટરનેશનલ એયરપોર્ટ – આંધ્રપ્રદેશ

(B) વિર સાવરકર ઈન્ટરનેશનલ એયરપોર્ટ – અંદામાન નિકોબાર

(C) લોકપ્રીય ગોપીનાથ બોરડોલોઈ ઈન્ટરનેશનલ એયરપોર્ટ – આસામ

(D) ડેબોલીમ (Dabolim) ઈન્ટરનેશનલ એયરપોર્ટ – કર્ણાટક

(E) Not Attempted

35. I know _______ about _______ of the things you described.

(A) many, little
(B) little, most
(C) a few, a little
(D) few, much
(E) Not Attempted

36. શબ્દકોશ મુજબ સાચો ક્રમ કયો છે ?

(A) જોડ, ઝૂલ, ક્ષત્ર, જ્ઞાન
(B) જોડ, ઝૂલ, જ્ઞાન, ક્ષત્ર
(C) ક્ષત્ર, જોડ, જ્ઞાન, ઝૂલ
(D) જ્ઞાન, જોડ, ઝૂલ, ક્ષત્ર
(E) Not Attempted

37. "નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે, ખબર છે એટલી કે માતની હાકલ પડી છે." આ કાવ્યપંક્તિ કયા કવિની છે ?

(A) ઝવેરચંદ મેઘાણી
(B) અરદેશર ખબરદાર
(C) સુન્દરમ્
(D) ઉમાશંકર જોશી
(E) Not Attempted

38. 'મહિલા ગૃહ ઉદ્યોગ'નાં સ્થાપક એવાં કયા ગુજરાતી મહિલાને 2021માં ભારત સરકાર તરફથી પદમશ્રી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે ?

(A) સરીતા બહેન જોષી
(B) ઈલા બહેન પંડ્યા
(C) જશવંતી બહેન પોપટ
(D) લીલાવંતી બહેન શાહ
(E) Not Attempted

39. $kx(x-2) + 6 = 0$ નાં બીજ સમાન હોય, તો $k$ નું મૂલ્ય શોધો.

(A) 6
(B) 4
(C) (–6)
(D) (–4)
(E) Not Attempted

40. શ્રી .......... એ બાળ લગ્ન, વિધવા વિવાહ નિષેધ તથા બહુપત્નીપ્રથા વિરુદ્ધ ચળવળ ચલાવી. આ પ્રયત્નોને લીધે 1856માં વિધવા પુનઃલગ્નનો કાયદો ઘડાયો.

(A) મોતીલાલ નહેરુ
(B) દયાનંદ સરસ્વતી
(C) અહલ્યાબાઈ હોલકર
(D) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર
(E) Not Attempted

41. HDI (Human Development Index) માનવ વિકાસ સૂચકાંક કઈ સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવે છે ?

(A) WTO
(B) UNICEF
(C) UNDP
(D) WHO
(E) Not Attempted



ParikşaPath . pariksapath.in

42. શંકુ આકારનો એક તંબુ 10 મી ઊંચો છે અને તેના પાયાનો વ્યાસ 48 મી છે. તો તંબુની ત્રાંસી ઊંચાઈ શોધો.

(A) 34 મી
(B) 21.8 મી
(C) 49 મી
(D) 26 મી
(E) Not Attempted

43. 'ઘોડા-બળદ વગેરેને ખાવા માટે અપાતું અનાજ.' — શબ્દસમૂહ માટે એક શબ્દ જણાવો.

(A) ગમાણ્ય
(B) જોગાણ
(C) પેંગડુ
(D) દળી
(E) Not Attempted

44. ભારતીય સંવિધાનના કયા ભાગમાં મૂળભૂત ફરજોનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

(A) ભાગ 3 (Part iii)
(B) ભાગ 4 (Part iv)
(C) ભાગ 4 ક (Part iv A)
(D) ભાગ 5 (Part v)
(E) Not Attempted

45. $(\sec\theta + \tan\theta)(1-\sin\theta)$ બરાબર શું થાય ?

(A) $\sec\theta$
(B) $\sin\theta$
(C) $\operatorname{cosec}\theta$
(D) $\cos\theta$
(E) Not Attempted

46. Identify the prepositions in this sentence.
I met him in his office at 10 am on Monday.

(A) him, his, office
(B) in, at, on
(C) I, Monday
(D) met, his, 10
(E) Not Attempted

47. નીચેનામાંથી કોનુ પુરૂ નામ ખોટુ છે ?

1. CNG - Compressed Natural Gas
2. LPG - Liquified Petroleum Gas
3. PNG - Piped (pipeline) Natural Gas

(A) 1
(B) 2
(C) 3
(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ ખોટું નથી
(E) Not Attempted

48. The verb form of 'emission' is ______.

(A) emiss
(B) emissive
(C) eminent
(D) emit
(E) Not Attempted

49. પંચાયતનો અથવા તેની સમિતિનો દરેક સભ્ય તથા પંચાયતે રાખેલા દરેક અધિકારી તથા નોકર ભારતના ફોજદારી કાયદાની કમલ-21 ના અર્થ મુજબ રાજ્ય સેવક ગણાશે તેવુ ગુજરાત પંચાયત અધિનિયમની કઈ કલમમાં દર્શાવ્યું છે ?

(A) કલમ - 271
(B) કલમ - 272
(C) કલમ - 273
(D) કલમ - 274
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

50. $x^3 + 1$ ને $x + 1$ વડે ભાગતાં ભાગફળ શું મળે ?

(A) $x^2 + 1$
(B) $x^2$
(C) $x^2 + x + 1$
(D) $x^2 - x + 1$
(E) Not Attempted

51. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : કામડાંની ચીપોની ગૂંથેલી સાદડી

(A) ટાટડી
(B) ટાટું
(C) ટાટલું
(D) ટાટિયું
(E) Not Attempted

52. સંસદ સત્રના સંદર્ભમાં વપરાતો શબ્દ "Sine die" નો અર્થ શું છે ?

(A) અચોક્કસ મુદત માટે સત્ર મોકુફી
(B) સત્ર સમાપ્તિ
(C) સત્ર બોલાવવું
(D) સત્ર વિસર્જન
(E) Not Attempted

53. નીચેની માહિતીનો મધ્યસ્થ શોધો :

11, 13, 16, 12, 14, 19, 12, 14, 13, 14, 20

(A) 19
(B) 14.5
(C) 13.5
(D) 14
(E) Not Attempted

54. વાલમ એટલે PQR, ગામડી એટલે SRT હોય તો લગામ એટલે શું થાય ?

(A) QST
(B) PSR
(C) SRQ
(D) QSR
(E) Not Attempted

55. 'ગુપ્તા' ઉપનામ કોનું છે ?

(A) જ્યોતીન્દ્ર દવે
(B) ચંદ્રકાન્ત બક્ષી
(C) લાભશંકર ઠાકર
(D) અમૃલાલ વેગડ
(E) Not Attempted

56. "રાષ્ટ્રપતિશ્રી અથવા કોઈ રાજ્યના રાજ્યપાલશ્રી, પોતાના હોદ્દાની સત્તા વાપરે અને ફરજો અદા કરે એ માટે અથવા તે સત્તા વાપરતા અને ફરજો અદા કરતાં તેમણે કરેલા અથવા કરવાનું અભિપ્રેત હોય તેવા કોઈ કાર્ય માટે કોઈ ન્યાયાલયને જવાબદાર હોવાનું ગણાશે નહીં." - આવી જોગવાઈ ભારતના સંવિધાનના કયા અનુચ્છેદમાં કરવામાં આવી છે ?

(A) 361
(B) 362
(C) 363
(D) સંવિધાનમાં આવી જોગવાઈ નથી
(E) Not Attempted

57. જાગૃતે એક જોડી બૂટ છાપેલી કિંમતના 20% વળતર પર ખરીદ્યા. જો તેણે ₹ 2400 ચૂકવ્યા હોય, તો તેની છાપેલી કિંમત શોધો.

(A) ₹ 3000
(B) ₹ 1920
(C) ₹ 4,320
(D) ₹ 12,000
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

58. સમાનાર્થી શબ્દ લખો : 'સંભાવિત'

(A) શક્ય
(B) પ્રતિષ્ઠિત
(C) સંભવ
(D) શક્યતા
(E) Not Attempted

59. જલિયાં વાલા બાગ હત્યાકાંડ ક્યારે બન્યો હતો ?

(A) 13 એપ્રિલ 1917
(B) 13 એપ્રિલ 1919
(C) 17 નવેમ્બર 1913
(D) 17 નવેમ્બર 1919
(E) Not Attempted

60. The antonym of 'modern' is _______.

(A) ancient
(B) determined
(C) unstable
(D) constant
(E) Not Attempted

61. ગુજરાતમાં ખેતરમાં સિંચાઈ માટે ખેડુતોને દિવસે વિજળી મળી રહે તેવી ......... યોજના શરુ કરવામાં આવી.

(A) કીસાન સમ્માન નીધિ યોજના
(B) ઊજ્જવલા યોજના
(C) કીસાન સુર્યોદય યોજના
(D) કીસાન વીજળી યોજના
(E) Not Attempted

62. 2012ના વર્ષનું અંગ્રેજી કેલેન્ડર ફરીથી કયા વર્ષમાં પુનરાવર્તીત થશે ?

(A) 2019
(B) 2040
(C) 2027
(D) 2031
(E) Not Attempted

63. સૂર્યોદય વખતે રાહુલ સૂર્ય સામે મોં રહે તેમ શિર્ષાસન કરે છે. તો તેનો જમણો હાથ કઈ દિશામાં હશે ?

(A) ઉત્તર
(B) દક્ષિણ
(C) પૂર્વ
(D) પશ્ચિમ
(E) Not Attempted

64. સ્વામી વિવેકાનંદજીનું મૃત્યુ ક્યારે થયેલુ ?

(A) 4 જુલાઈ 1902
(B) 12 જુલાઈ 1902
(C) 8 જાન્યુઆરી 1904
(D) 10 માર્ચ 1901
(E) Not Attempted

65. પંચાયત ધારાની જોગવાઈ અન્વયે નીચેના પૈકી કયુ વિધાન ખોટુ છે ?

(A) જીલ્લા પંચાયતની કારોબારી સત્તા જીલ્લા વિકાસ અધિકારીને સુપ્રત થશે.
(B) તાલુકા પંચાયતની કારોબારી સત્તા તાલુકા વિકાસ અધિકારીને સુપ્રત થશે
(C) ગ્રામ પંચાયતની કારોબારી સત્તા તલાટી-કમ-મંત્રીને સુપ્રત થશે
(D) ગ્રામ પંચાયતની કારોબારી સત્તા સરપંચને સુપ્રત થશે
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

66. ભારતનો સૌ પ્રથમ ગ્રીન સ્પેશીયલ ઈકોનોમીક ઝોન (SEZ) ક્યાં જાહેર કરાયો ?

(A) કોચીન
(B) શાન્તાક્રુઝ
(C) કંડલા
(D) ચેન્નાઈ
(E) Not Attempted

67. મહિલા ખેલાડી સુશ્રી પી.વી સીંધુએ ઓલિમ્પિક્સમાં કયા વર્ષમાં મેડલ મેળવ્યો અને કઈ સ્પર્ધામાં ?

(A) 2016 અને 2020, ટેબલ ટેનીસ
(B) 2012 અને 2016, બોક્ષીંગ
(C) 2016 અને 2020, શુટીંગ
(D) 2020 અને 2016, બેડમીન્ટન
(E) Not Attempted

68. "સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે." – વાક્યમાં સંખ્યાવાચક વિશેષણ શોધો.

(A) સકળ
(B) લોકમાં
(C) સહુને
(D) નિંદા
(E) Not Attempted

69. જો ABODE માટે સંજ્ઞા EDOBA હોય તો APEX માટની સંજ્ઞા કઈ હોય ?

(A) XEAP
(B) XPEA
(C) XEPA
(D) XEPB
(E) Not Attempted

70. કયા કવિએ 'વૈશંપાયન' ઉપનામથી હળવી કટાક્ષમય શૈલીમાં કાવ્યો લખ્યાં છે ?

(A) હરિકૃષ્ણ પાઠક
(B) દલપત પઢિયાર
(C) કરસનદાસ માણેક
(D) સ્નેહી પરમાર
(E) Not Attempted

71. ઓલિમ્પિક્સ 2020 જે 2021 માં રમાયેલ તેમાં બોક્ષીંગ/મુક્કાબાજીમાં બ્રોન્ઝ મેડલ મેળવનાર ભારતીય મહિલા ખેલાડી સુશ્રી બોર્ગોહેન લવલીના એ કયા વજનની કેટેગરીમાં મેડલ મેળવ્યો ?

(A) હેવી વેઈટ
(B) ફીધર વેઈટ
(C) વેલ્ટર વેઈટ
(D) લાઈટ વેઈટ
(E) Not Attempted

72. 7 બાજુવાળા બહુકોણના અંદરના બધા જ ખૂણાઓનાં માપનો સરવાળો કેટલો થાય ?

(A) 540°
(B) 720°
(C) 900°
(D) 1080°
(E) Not Attempted

73. નીચેનામાંથી કયા વર્ષમાં 366 દિવસ હશે ?

(A) 7806
(B) 2202
(C) 1274
(D) 10024
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

74. નીચેના વાક્યો ચકાસો.

1. ભારત ઉત્તર ગોળાર્ધમાં આવેલ છે અને તે એશીયા ખંડમાં આવેલ છે.

2. ભારતના મધ્ય ભાગમાંથી કર્કવૃત્ત પસાર થાય છે.

3. ભારતની ''સમય રેખા'' પાંચ રાજ્યોમાંથી પસાર થાય છે.

4. ભારત વિશ્વનાં ભૂમિભાગના ક્ષેત્રફળનો કેવળ 2.42% હિસ્સો ધરાવે છે અને ક્ષેત્રફળની દૃષ્ટિએ વિશ્વમાં 7મું સ્થાન ધરાવે છે.

(A) માત્ર 1, 2 અને 3 સાચા છે.
(B) માત્ર 1, 2 અને 4 સાચા છે.
(C) માત્ર 2, 3 અને 4 સાચા છે.
(D) 1, 2, 3 અને 4 તમામ સાચા છે.
(E) Not Attempted

75. વિરુદ્ધાર્થી શબ્દ લખો : 'જયંતી'

(A) જન્મદિન
(B) અનુદિન
(C) વર્ષગાંઠ
(D) સંવત્સરી
(E) Not Attempted

76. ''હાથ-વાટકો થવું.'' – રૂઢિપ્રયોગનો અર્થ સમજાવો.

(A) નાના-મોટા કામમાં ઉપયોગી થવું
(B) હાથથી જવું
(C) મોટી મોટી વાતો કરવી
(D) તાલાવેલી થવી
(E) Not Attempted

77. ડીસેમ્બર 2021માં RBI એ ભારતીય બેન્કો અને નાણાકીય સંસ્થાઓને 'લાયબોર' (LIBOR) નો ઉપયોગ બંધ કરવાની ભલામણ કરી છે. આ LIBOR એટલે...

(A) LIABLE INTERBANK OFFERED RATE
(B) LUMPSUMP INTERNAL OFFERED RATE
(C) LIQUIDITY INTERBANK OFFERED RATE
(D) LONDON INTERBANK OFFERED RATE
(E) Not Attempted

78. નીચેના પૈકી કઈ ઈવેન્ટ કોમ્બેટેટીવ સ્પોર્ટ્સમાં આવતી નથી ?

(A) જુડો
(B) કુંગ ફુ
(C) ફેન્સીંગ
(D) સ્કવોશ
(E) Not Attempted

79. નીચેનામાંથી કયો મૂર્ધન્ય વ્યંજન નથી ?

(A) ટ
(B) થ
(C) ડ
(D) ઢ
(E) Not Attempted

80. જો ગુ.સા.અ. (306, 657) = 9 આપેલ હોય, તો લ.સા.અ. (306, 657) શોધો.

(A) 2,01,042
(B) 2,754
(C) 5,913
(D) 22,338
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

81. સાચી જોડ કઈ છે ?

| | |
|---|---|
| a. આખુ | 1. એકંદર |
| b. આખું | 2. બધું |
| c. કુલ | 3. કિનારો |
| d. કૂલ | 4. ઉંદર |

(A) a - 2, b - 1, c - 3, d - 4
(B) a - 4, b - 2, c - 1, d - 3
(C) a - 3, b - 2, c - 1, d - 4
(D) a - 1, b - 3, c - 2, d - 4
(E) Not Attempted

82. HDMI નું ફુલ ફોર્મ શું છે ?

(A) High Density Multimedia Instrument
(B) High Definition Mobile Interface
(C) High Definition Multimedia Interface
(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં
(E) Not Attempted

83. નીચેનામાંથી નામયોગી કયું છે ?

(A) ની
(B) થી
(C) પરંતુ
(D) નું
(E) Not Attempted

84. સમાનગુણી વસ્તુઓ કયા બજારનું લક્ષાણ છે ?

(A) પૂર્ણ હરીફાઈ
(B) ઈજારો
(C) ઈજારાયુક્ત હરીફાઈ
(D) મર્યાદિત હરીફાઈ
(E) Not Attempted

85. ચક્રવર્તી સમ્રાટ અશોક રાજાના પુત્રનુ નામ શું હતુ ?

(A) હિમાલય
(B) મહેન્દ્ર
(C) સંઘમિત્રા
(D) વિજય રાજ
(E) Not Attempted

86. નીચેના વાક્યો ચકાસો.

1. ભારતના બંધારણની ત્રીજી અનુસૂચિમાં શપથો અને પ્રતિજ્ઞાઓના નમુનાઓ આપેલ છે.
2. ભારતના બંધારણની ચોથી અનુસૂચિમાં રાજ્યસભાની બેઠકોની ફાળવણી બાબતની જોગવાઈ કરેલ છે.
3. ભારતના બંધારણની સાતમી અનુસૂચિમાં સંઘ યાદી રાજ્ય યાદી અને સમવર્તી યાદીનો સમાવેશ થાય છે.
4. ભારતના બંધારણની આઠમી અનુસૂચિમાં ભાષાઓ બાબતનો ઉલ્લેખ છે.

(A) 1, 2, 3 અને 4 તમામ સાચા છે.
(B) માત્ર 1, 2 અને 3 સાચા છે.
(C) માત્ર 2, 3 અને 4 સાચા છે.
(D) માત્ર 1, 3 અને 4 સાચા છે.
(E) Not Attempted


PariksaPath . pariksapath.in

87. આંતરરાષ્ટ્રીય સહકારી સંઘ દ્વારા 'સહકાર'ની જે વ્યાખ્યા આપેલ છે. તેમાંથી નીચેનામાંથી કઈ બાબત **સુસંગત નથી ?**

(A) સ્વૈચ્છિક રીતે સંગઠિત થયેલ વ્યક્તિઓનું મંડળ

(B) વિભક્ત રીતે માલિકી ધરાવવી

(C) લોકશાહી પદ્ધતિએ સંચાલિત સાહસ

(D) સમાન આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક જરૂરિયાતો પરિપૂર્ણ કરવી

(E) Not Attempted

88. વન ઊછેરની પ્રચલિત થયેલી "મિયાવાકી પદ્ધતિ" ......... દેશની દેન છે.

(A) ચીન
(B) જાપાન
(C) દક્ષિણ કોરીયા
(D) વિયેતનામ
(E) Not Attempted

89. આયાત થતી વસ્તુ જેવી વસ્તુનું ઉત્પાદન દેશમા કરવામાં આવે તેને શું કહેવાય ?

(A) ખાનગીકરણ
(B) ઉદારીકરણ
(C) આયાત અવેજીકરણ
(D) વૈશ્વિકીકરણ
(E) Not Attempted

90. PMGSY નું પુરૂ નામ જણાવો ?

(A) પ્રધાનમંત્રી ગૌરવ શક્તિ યોજના
(B) પ્રધાનમંત્રી ગ્રામ સંસ્થાન યોજના
(C) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના
(D) પ્રધાનમંત્રી ગ્રામીણ સાક્ષરતા યોજના
(E) Not Attempted

91. Honey bees _______ the social insects that _______ in large families.

(A) were, lead
(B) are, live
(C) was, ted
(D) is, life
(E) Not Attempted

92. CDV નું ફુલ ફોર્મ નીચેના પૈકી કયું છે ?

(A) Canine Distemper Virus
(B) Canedian Distemper Virus
(C) Canine Disease Virus
(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં
(E) Not Attempted

93. ભારતના પ્રખ્યાત ચીત્રો અને ચિત્રકારની કઈ જોડી સાચી નથી ?

1. ભારત માતા (Bharat Mata) – અબનીન્દ્રનાથ ટાગોર (Abanindranath Tagore)
2. શાંકુતલા (Shakuntala) – રાજા રવી વર્મા (Raja Ravi Verma)
3. બાપુજી (Bapuji) – નંદલાલ બોઝ (Nandlal Bose)
4. મહીશાસુર (Mahisasur) – રવીન્દ્રનાથ ટાગોર

(A) 1
(B) 2
(C) 3
(D) 4
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

94. ગ્રહો અને તેની માહિતી અંગેની વિગતો દર્શાવતો કયો વિકલ્પ સાચો નથી ?

(A) બુધ ગ્રહ, સૂર્યની સૌથી નજીકનો અને પીળાશ પડતા રંગનો ગ્રહ છે.

(B) શુક્ર ગ્રહ સૌથી ચમકતો ગ્રહ છે અને વજન અને કદમાં લગભગ પૃથ્વી જેટલો છે.

(C) મંગળ લાલ રંગનો અને તેને બે ઉપગ્રહો હોય તેવો ગ્રહ છે.

(D) યુરેનસ સામાન્ય દૂરબીનથી દેખાય છે આ ગ્રહ ખુબજ ગરમ છે.

(E) Not Attempted

95. ગ્રામપંચાયતની બેઠકમાં કોઈ કામ પરની ચર્ચામાં બન્ને તરફ સરખા મત થાય તો નિર્ણય કેવી રીતે થશે ?

(A) તલાટી કમ મંત્રીના મતથી

(B) ચિઠ્ઠી ઉપાડીને

(C) બેઠકના અધ્યક્ષના નિર્ણાયક મતથી

(D) તાલુકા વિકાસ અધિકારીના મતથી

(E) Not Attempted

96. નીચેનામાંથી કયું "ક્રિયાતિપત્તિ અર્થ વાક્ય" છે ?

(A) આટલું મારું માનશો તો સો વર્ષ જીવશો.

(B) પુરુષનાં પાપોનું પ્રાયશ્ચિત કેટલીકવાર સ્ત્રીને કરવું પડે છે.

(C) હરિયો આખા રસ્તે હસતો હસતો ઘેર ગયો.

(D) ભગવાન ભજ્યા હોત તો ખોટું કાર્ય ન કરત.

(E) Not Attempted

97. હિંદ છોડો આંદોલન (Quit India Movement) કઈ તારીખે શરૂ (Launch) કરવામાં આવ્યુ હતું ?

(A) 8 ઓગષ્ટ 1942

(B) 15 ઓગષ્ટ 1942

(C) 13 ઓગષ્ટ 1942

(D) 12 ઓગષ્ટ 1942

(E) Not Attempted

98. ભારત અને પોર્ટુગલનાં સહયોગથી નીચેનાં પૈકી કયા સ્થળે નેશનલ મેરીટાઈમ હેરીટેઝ કોમ્પ્લેક્સનું નિર્માણ કરવામાં આવનાર છે ?

(A) દ્વારકા

(B) ધોળાવીરા

(C) લોથલ

(D) મુળ દ્વારકા (કોડીનાર)

(E) Not Attempted

99. વર્ષ 2021માં અફઘાનીસ્તાનમાં થયેલી રાજકીય ઘટનાક્રમને કારણે કાબુલમાંથી ભારતીયોને .......... અભીયાન અંતર્ગત ભારત લાવવામાં આવ્યા.

(A) ઓપરેશન એર લીફ્ટ

(B) ઓપરેશન દેવી શક્તિ

(C) ઓપરેશન વોર્મ વેલકમ

(D) ઓપરેશન કાબુલ

(E) Not Attempted

100. બે પાસાને એક સાથે ઉછાળવામાં આવે છે. પાસાની ઉપરની સપાટી પર દેખાતી સંખ્યાઓનો સરવાળો 8 હોય, તેની સંભાવના કેટલી ?

(A) $\frac{1}{6}$

(B) $\frac{1}{9}$

(C) $\frac{5}{18}$

(D) $\frac{5}{36}$

(E) Not Attempted



PariksaPath . pariksapath.in

101. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેર કરેલ PM MITRA યોજના કયા ક્ષેત્ર સાથે સંકળાયેલી છે ?

(A) સહકાર (Co-operation)
(B) કાપડ (Textile)
(C) આરોગ્ય (Health)
(D) કૃષિ (Agriculture)
(E) Not Attempted

★ નીચેનો ગદ્યખંડ વાંચી પ્રશ્ન 102, 103, 104 અને 105ના સાચા જવાબો લખો :

ભાષા માનવ-માનવ વચ્ચેના વ્યવહારો માટે ઊભું થયેલું સાધન છે. એ વ્યક્તિને સમાજ સાથે જોડનારી કડી છે. ભાષા એ માત્ર વિચારવા માટે કે વિચારને અભિવ્યક્ત કરવા માટેનું જ માધ્યમ નથી, ક્યારેક ભાષા વિચારોને ઘડે પણ છે. ભાષામાં-વાણીમાં અને લિપિમાં - બદ્ધ થયેલા વિચારો અનેક લોકો સુધી પહોંચે છે અને એમની વિચારસરણી પર એની અસર પહોંચાડે છે.

102. ભાષા કોના વ્યવહારો માટેનું સાધન છે ?

(A) પશુ-પક્ષી વચ્ચેના
(B) માનવ-માનવ વચ્ચેના
(C) પશુ-માનવ વચ્ચેના
(D) પ્રાણી-પશુ વચ્ચેના
(E) Not Attempted

103. ભાષા અભિવ્યક્ત કરવા માટેનું માધ્યમ ન રહેતાં તેનાથી વધુ કયો લાભ થાય છે ?

(A) વિચારોના ઘડતરનો
(B) આસ્વાદનો
(C) આંતર કલહનો
(D) આવેગનો
(E) Not Attempted

104. વ્યક્તિને સમાજ સાથે કોણ જોડે છે ?

(A) ઉદ્‌વેગો
(B) ભાષા
(C) સ્પંદનો
(D) આવેગો
(E) Not Attempted

105. અનેક લોકો સુધી પહોંચેલા વિચારોની કોના ઉપર અસર થાય છે ?

(A) લોકોની અંધશ્રદ્ધા ઉપર
(B) લોકોની લાગણી ઉપર
(C) લોકોની શ્રદ્ધા ઉપર
(D) લોકોની વિચારસરણી ઉપર
(E) Not Attempted

★ **Question 106-110 Read the paragraph and fill in the blanks with correct options given against the question numbers.**

**Several techniques __(106)__ to establish the ages of various ancient natural objects and artifacts. __(107)__ methods are based on radioactivity. One method is radiocarbon dating. Radiocarbon, or Carbon 14, is a form of the element Carbon. It is an unstable and weak radioactive. __(108)__ stable forms are Carbon 12 and Carbon 13. Carbon 14 constantly takes form and then changes in the upper atmosphere. Plants and animals take in Carbon 14 __(109)__ their lifetime and when they die, they stop exchanging Carbon and their Carbon 14. By knowing __(110)__ Carbon 14 is left in a sample, the age of the organism when it died can be known.**

106. (A) are used
(B) will used
(C) useful
(D) useless
(E) Not Attempted

107. (A) Vary
(B) Very
(C) Various
(D) Variety
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

108. (A) A
(B) An
(C) The
(D) Which
(E) Not Attempted

109. (A) into
(B) though
(C) throughout
(D) thought
(E) Not Attempted

110. (A) how long
(B) how much
(C) how far
(D) how many
(E) Not Attempted

111. We will celebrate the _______ of our _______ in the year 2047.
(A) golden jubilee, liberty
(B) silver jubilee, freeship
(C) diamond jubilee, independant
(D) Centenary, Independence
(E) Not Attempted

112. 'વિદ્યોપાસના' – સંધિ છૂટી પાડો.
(A) વિદ્યુ + પાસના
(B) વિદ્યા + પાસના
(C) વિદ્યુ + પાસના
(D) વિદ્યા + ઉપાસના
(E) Not Attempted

113. શિવાજીનો રાજ્યાભિષેક કયા વર્ષમાં અને કયા કિલ્લામાં થયો હતો.
(A) ઈ.સ. 1674, રાયગઢનો કિલ્લો
(B) ઈ.સ. 1672, તોરણાનો કિલ્લો
(C) ઈ.સ. 1676, શિવનેરીનો કિલ્લો
(D) ઈ.સ. 1671, કોંડાણાનો કિલ્લો
(E) Not Attempted

114. જાહેર નોકરીમાં સમાનતા અંગે બંધારણના કયા આર્ટીકલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે ?
(A) 16
(B) 20
(C) 18
(D) 17
(E) Not Attempted

115. નીચે આપેલ સંખ્યા અને વર્ણાક્ષરની શ્રેણીમાં ખાલી જગ્યા એ નીચે આપેલ વિકલ્પ પૈકી કયો વિકલ્પ આવશે ?
2Z5, 7Y7, 14X9, 23W11, 34V13, _____
(A) 45U15
(B) 27U24
(C) 47V14
(D) 47U15
(E) Not Attempted

116. 'જિંદગીમાં એ ક્યહીં, ગણિતમાં આંકડા ભૂંસી શકાય.' – અલંકાર જણાવો.
(A) વ્યતિરેક
(B) ઉત્પ્રેક્ષા
(C) અતિશયોક્તિ
(D) ઉપમા
(E) Not Attempted

117. ભારતના કયા મહાપુરુષના જીવનપ્રસંગોનું 'અહિંસાની ખોજ' નામે સંકલન થયેલું છે ?
(A) વિનોબા ભાવે
(B) મહાત્મા ગાંધીજી
(C) જવાહરલાલ નહેરુ
(D) મહર્ષિ અરવિંદ
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

118. GST (જી.એસ.ટી) અમલમાં આવવાને કારણે રાજ્ય સરકારને આવકમાં થયેલી ખોટ કેન્દ્ર સરકાર GST અમલમાં આવ્યાથી કેટલા વર્ષ સુધી ભરપાઈ (compansate) કરશે ?

(A) સાત
(B) ચાર
(C) પાંચ
(D) છ
(E) Not Attempted

119. ગ્રામપંચાયતના સભ્યની ચૂંટણીના કાયદેસરપણા વિશે ચૂંટણીનું પરિણામ જાહેર થયાની તારીખ પછી કેટલા દિવસમાં વાંધા અરજી (Election Petition) કરવી જોઈએ

(A) સાત દિવસ
(B) પંદર દિવસ
(C) એકવીસ દિવસ
(D) ત્રીસ દિવસ
(E) Not Attempted

120. બિંદુઓ A(2, 3), B(4, $k$) અને C(6, –3) સમરેખ હોય, તો $k$ ની કિંમત શોધો.

(A) 0
(B) (–3)
(C) 3
(D) 2
(E) Not Attempted

★ **Question 121-125 Read the paragraph and fill in the blanks with correct options given against the question numbers.**

**Mind, emotions and body are all closely __(121)__ and always work together. It helps you to distinguish them more clearly if you try to understand them __(122)__. Your mental capacities are your abilities to concentrate, to take in new information, to remember old and new information and to be in a position to think __(123)__. You and your mental capacity, __(124)__ study, to work, to impose a workable order on your life, make rational-day-to-day decisions. The mind is the rational, logical part of you that helps you __(125)__ unemotional choices, to store and retrieve information and to order and calculate.**

121. (A) interlinks
(B) interlinked
(C) interface
(D) interchange
(E) Not Attempted

122. (A) separates
(B) separation
(C) separately
(D) separate
(E) Not Attempted

123. (A) logic
(B) logical
(C) logician
(D) logically
(E) Not Attempted

124. (A) in order to
(B) orderly
(C) in order that
(D) by order
(E) Not Attempted

125. (A) to make
(B) makes
(C) made
(D) maker
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

126. 'પિંડ' શબ્દનો સમાનાર્થી શબ્દ જણાવો.

(A) ભ્રમર
(B) સમુદ્ર
(C) આકાર
(D) બ્રહ્મ
(E) Not Attempted

127. એક લંબઘન બૉક્સનું માપ 6 મી × 12 મી × 18 સેમી છે. આ બૉક્સમાં 6 સેમી બાજુવાળા કેટલા સમઘન સમાય ?

(A) 6
(B) 600
(C) 60,000
(D) 60,00,000
(E) Not Attempted

128. 'ને રક્ષાની કઠિન કૃતિમાં રોકવો સર્વ રીતે.' – છંદ ઓળખાવો.

(A) મંદાક્રાંતા
(B) અનુષ્ટુપ
(C) ચોપાઈ
(D) દોહરો
(E) Not Attempted

129. 'કન્યા કેળવણી' સમાસ ઓળખાવો.

(A) ઉપપદ
(B) દ્વન્દ્વ
(C) કર્મધારય
(D) મધ્યમપદલોપી
(E) Not Attempted

130. માનવ ગરીમા યોજના અંતર્ગત અરજદારની વયમર્યાદા વધુમાં વધુ .......... વર્ષ હોવી જોઈએ.

(A) 58
(B) 60
(C) 62
(D) 65
(E) Not Attempted

131. સિંહની વસ્તી ગણતરી - 2020 મુજબ ગીરના જંગલોમાં સિંહોની વસ્તી કેટલી હતી ?

(A) 674
(B) 746
(C) 764
(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં
(E) Not Attempted

132. નીચેનામાંથી કઈ બાબત GNP ની ગણતરીમાં લઈ શકાય ?

(A) હોસ્પિટલમા કરવામાં આવેલુ ઑપરેશન
(B) ગૃહણીનું ઘરકામ
(C) શિક્ષક પોતાના સંતાનને ભણાવે
(D) બાથરૂમમા ગવાતું ગીત
(E) Not Attempted

133. I am _______ visiting _______ National capital now.

(A) no sooner, than
(B) no longer, the
(C) any longer, a
(D) hardly, when
(E) Not Attempted

134. An antonym of the word 'constructive' is _______.

(A) unconstructive
(B) deconstruct
(C) destructive
(D) inconstructive
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

135. બિંદુઓ A(6, 5) અને B(–4, 3) થી સમાન અંતરે આવેલ હોય તેવું Y-અક્ષ પરનું બિંદુ શોધો.

(A) (0, –9)
(B) (0, 9)
(C) (0, 17)
(D) (0, –17)
(E) Not Attempted

136. કવિ ઉમાશંકર જોશીના જીવન-કવન વિશે નીચેનામાંથી કયું વિધાન બંધબેસતું નથી તે જણાવો.

(A) તેમને 'નિશીથ' કાવ્યસંગ્રહ માટે ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.
(B) તેમણે ગુજરાત યુનિવર્સિટી તેમજ 'વિશ્વભારતી'ના કુલપતિ તરીકે સેવા આપી હતી.
(C) તેમનો જન્મ ઉત્તર ગુજરાતના ઈડર પાસેના બામણા ગામમાં થયો હતો.
(D) તેમણે લોકસભાની ચૂંટણી જીતીને લોકસભાના સભ્ય બની સેવા આપી હતી.
(E) Not Attempted

137. પ્રધાનમંત્રી મોદીજીએ શેના સશક્તિકરણ માટે "CHAMPIONS" પોર્ટલ શરૂ કરેલ છે ?

(A) વિકલાંગો
(B) MSME
(C) મહિલાઓ
(D) ભારે ઉદ્યોગો
(E) Not Attempted

138. સરપંચે ખાસ કારણ દર્શાવીને કુલ સભ્યોના ઓછામાં ઓછા કેટલા સભ્યોની લેખીત વિનંતીથી પંચાયતની બેઠક બોલાવી જોઈએ ?

(A) $\frac{1}{2}$
(B) $\frac{1}{5}$
(C) $\frac{2}{3}$
(D) $\frac{1}{3}$
(E) Not Attempted

139. નીચેના વાક્યો ચકાસો.

1. પૃથ્વીના ગોળા પર ઊભી કાલ્પનિક રેખાને અક્ષાંશ કહે છે કુળ અક્ષાંશ વૃત્તોની સંખ્યા 360 હોય છે.
2. પૃથ્વીના ગોળા પર આડી કાલ્પનિક રેખાઓને રેખાંશ કહે છે અને તેની કુલ સંખ્યા 181 છે.

(A) 1 અને 2 બન્ને સાચા છે.
(B) 1 અને 2 બન્ને સાચા નથી.
(C) માત્ર 1 સાચું છે.
(D) માત્ર 2 સાચું છે.
(E) Not Attempted

140. એક સમબાજુ ચતુષ્કોણના વિકર્ણોની લંબાઈ 8.5 સેમી અને 12 સેમી છે, તો તેનું ક્ષેત્રફળ શોધો.

(A) 204 સેમી$^2$
(B) 25.5 સેમી$^2$
(C) 102 સેમી$^2$
(D) 51 સેમી$^2$
(E) Not Attempted

141. સહકારી મંડળીના સભ્ય તરીકે દાખલ કરવાના હેતુ માટે કોઈ વ્યક્તિ ખેડૂત છે કે બિનખેડૂત છે, તે સંબંધી કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેનો નિર્ણય કરવાની સત્તા કોને છે ?

(A) જે તે સહકારી મંડળીની વ્યવસ્થાપક સમિતિ
(B) સરપંચ
(C) તલાટી-કમ-મંત્રી
(D) રજિસ્ટ્રાર
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

142. સંઘ ક્ષેત્ર (Union Territories) અને તેની રાજધાનીઓની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) અંદામાન અને નિકોબાર – પોર્ટ બ્લેયર

(B) લદ્દાખ – શ્રીનગર

(C) લક્ષદ્વીપ – કરાવતી

(D) દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ – દમણ

(E) Not Attempted

143. નવમી ઓગષ્ટ કયા દિવસ તરીકે ઊજવવામાં આવે છે ?

(A) વિશ્વ આદિવાસી દિવસ
(B) પ્રવાસી દિવસ
(C) ઓઝોન દિવસ
(D) વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ
(E) Not Attempted

144. કમ્પ્યુટર વિજ્ઞાનના સંદર્ભમાં DLLનું ફુલ ફોર્મ નીચેના પૈકી કયું છે ?

(A) Dynamic Link Library
(B) Dynamic Line Link
(C) Dynamic Link Line
(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં
(E) Not Attempted

145. ગુજરાતના બંધ (Dam) અને નદીના જોડકા પૈકી કયા જોડકા યોગ્ય છે ?

1. સરદાર સરોવર ડૅમ – નર્મદા નદી

2. ઉકાઈ ડૅમ – તાપી નદી

3. ધરોઈ ડૅમ – સાબરમતી નદી

4. નાયકા ડૅમ – ભોગાવો નદી

(A) 1, 2, 3 અને 4 તમામ
(B) માત્ર 1, 2 અને 3
(C) માત્ર 1, 2 અને 4
(D) માત્ર 2, 3 અને 4
(E) Not Attempted

146. ગુજરાતી ભાષાના વ્યાકરણમાં સંજ્ઞા, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ વગેરે પદો સાથે મુકાઈ વિશેષ અર્થનો કે ભારનો બોધ કરાવનાર ઘટક કયા નામથી ઓળખાય છે ?

(A) અનુગ કે નામયોગી
(B) નિપાત
(C) કૃદંત
(D) વિશેષણ
(E) Not Attempted

147. A synonym of the word 'logical' is _______.

(A) rational
(B) illogical
(C) simple
(D) organized
(E) Not Attempted

148. Do you know _______ ABC of logical _______?

(A) an, thought
(B) the, thinking
(C) an, things
(D) the, think
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

149. સૌરાષ્ટ્રમાં યોજાતા હુડા રાસમાં મુખ્યત્વે કઈ જાતિના લોકો હોય છે ?

(A) કોળી
(B) રાજપૂત
(C) ભરવાડ
(D) રબારી
(E) Not Attempted

150. The passive voice of 'She delivered the good news' is _______.

(A) The good news are delivered by she.
(B) The good news is delivered by she.
(C) The good news was delivered by her.
(D) The good news will deliver her.
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

## SPACE FOR ROUGH WORK / રફ કામ માટેની જગ્યા



PariksaPath . pariksapath.in

## SPACE FOR ROUGH WORK / રફ કામ માટેની જગ્યા

QUE. BOOKLET NO.
9704177
SEAL SEAL SEAL

**પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**



PariksaPath . pariksapath.in

# GUJARAT PANCHAYAT SERVICES SELECTION BOARD

## FINAL ANSWER KEY

**Advt. No. : 7/2021-22 - Samaj Kalyan Nirikshak (SKN-2021-22)**
**Exam Date : 15/05/2022**

**QUESTION PAPER SERIES - A**

| Q. NO. | ANSWER | Q. NO. | ANSWER | Q. NO. | ANSWER | Q. NO. | ANSWER | Q. NO. | ANSWER | Q. NO. | ANSWER |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | C | 26 | B | 51 | B | 76 | A | 101 | B | 126 | C |
| 2 | B | 27 | A | 52 | A | 77 | D | 102 | B | 127 | C |
| 3 | A | 28 | A | 53 | D | 78 | D | 103 | A | 128 | A |
| 4 | B | 29 | B | 54 | D | 79 | B | 104 | B | 129 | D |
| 5 | C | 30 | A | 55 | A | 80 | D | 105 | D | 130 | B |
| 6 | B | 31 | C | 56 | A | 81 | B | 106 | A | 131 | A |
| 7 | D | 32 | B | 57 | A | 82 | C | 107 | C | 132 | A |
| 8 | A | 33 | C | 58 | B | 83 | C | 108 | C | 133 | B |
| 9 | C | 34 | D | 59 | B | 84 | A | 109 | C | 134 | C |
| 10 | D | 35 | B | 60 | A | 85 | B | 110 | B | 135 | B |
| 11 | D | 36 | C | 61 | C | 86 | A | 111 | D | 136 | D |
| 12 | C | 37 | A | 62 | B | 87 | B | 112 | D | 137 | B |
| 13 | D | 38 | C | 63 | A | 88 | B | 113 | A | 138 | D |
| 14 | A | 39 | A | 64 | A | 89 | C | 114 | A | 139 | B |
| 15 | B | 40 | D | 65 | C | 90 | C | 115 | D | 140 | D |
| 16 | B | 41 | C | 66 | C | 91 | B | 116 | A | 141 | D |
| 17 | A | 42 | D | 67 | D | 92 | A | 117 | A | 142 | B,C |
| 18 | C | 43 | B | 68 | A | 93 | D | 118 | C | 143 | A |
| 19 | A | 44 | C | 69 | C | 94 | D | 119 | B | 144 | A |
| 20 | B | 45 | D | 70 | C | 95 | C | 120 | A | 145 | A |
| 21 | B | 46 | B | 71 | C | 96 | D | 121 | B | 146 | B |
| 22 | B | 47 | D | 72 | C | 97 | A | 122 | C | 147 | A |
| 23 | C | 48 | D | 73 | D | 98 | C | 123 | D | 148 | B |
| 24 | B | 49 | B | 74 | D | 99 | B | 124 | A | 149 | C |
| 25 | D | 50 | D | 75 | D | 100 | D | 125 | A | 150 | C |

PariksaPath . pariksapath.in